પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૮૭ | ૭ જુન, ૨૦૨૨, મંગળવાર; જયેષ્ઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિક પર ૧લીથી પ્રતિબંધ

**સિંગલ યુઝ પ્લાસ્ટિકથી થતા નુકશાનને રોકવા નિર્ણય : દેશના ૪,૭૦૪માંથી ૨,૫૯૧ શહેરી સ્થાનિક એકમોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકને પહેલાથી પ્રતિબંધિત કરી રાખ્યા છે**



નવી દિલ્હી, તા.૬

કેન્દ્ર સરકારે સિંગલ યુઝ પ્લાસ્ટિક, ખાસ કરીને પ્લાસ્ટિકની કોથળી અને પાણીની બોટલોથી પર્યાવરણને થઈ રહેલા નુકસાનને રોકવાની દિશામાં મહત્વનો નિર્ણય કર્યો છે. સરકારે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને એડવાઈઝરી જારી કરીને સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ઉત્તરોત્તર બંધ કરવાની સલાહ આપી છે. સરકારનુ કહેવુ છે કે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પર્યાવરણ મંત્રાલયના આદેશો અનુસાર દેશના ૪,૭૦૪માંથી ૨,૫૯૧ શહેરી સ્થાનિક એકમોએ સિંગલ યુઝ પ્લાસ્ટિકને પહેલાથી પ્રતિબંધિત કરી રાખ્યા છે. બાકીના ૨,૧૦૦થી વધારે એકમો પણ ૩૦ જૂન સુધી ગમે તેમ કરીને આની પર પ્રતિબંધ લાગુ કરે.

એડવાઈઝરીમાં કેન્દ્રએ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૩૦ જૂન સુધી ગતિવિધિઓ શરૂ કરવાનુ કહ્યુ છે. ખાસકરીને પ્લાસ્ટિકની કોથળી અને પાણીની બોટલવાળા કચરાની સફાઈ માટે મોટા માટે સફાઈ અભિયાન ચલાવવાનુ કહેવાયુ છે. અત્યારે સ્વચ્છ ભારત મિશન-શહેરી ૨.૦ હેઠળ આવાસ અને શહેરી મામલાનુ મંત્રાલય જે કામ કરી રહ્યુ છે, તેમાં પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નાબૂદી સામેલ છે. એડવાઈઝરીમાં કહેવામાં આવ્યુ


● અનુસંધાન પાન-૭ પર

# કુતુબ મિનારની મસ્જિદમાં નમાઝ પરનો પ્રતિબંધ યથાવત

**મસ્જિદમાં નમાઝ પરના પ્રતિબંધને પડકારાયો છે : આ મામલા પર તત્કાળ સુનાવણી કરવા કોર્ટનો ઈનકાર**

નવી દિલ્હી, તા.૬

દિલ્હી હાઈકોર્ટની અવકાશ પીઠે કુતુબ મિનાર પરિસરમાં સ્થિત મસ્જિદમાં નમાજ પઢવા પર પ્રતિબંધ મૂકતા એએસઆઈના આદેશને પડકારતી અરજી પર તાત્કાલિક સુનાવણીનો ઈનકાર કર્યો છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા દિવસોમાં કુતુબ મીનાર પરિસરમાં સ્થિત મસ્જિદમાં નમાજ પઢવા પર લગાવવામાં આવેલા પ્રતિબંધને હટાવવા માટે એક વકીલે દિલ્હી હાઈકોર્ટની મદદ માગી છે.



કુતુબ મીનાર પરિસરમાં હાજર મસ્જિદમાં નમાજ પઢવા પર લગાવવામાં આવેલા પ્રતિબંધોના એએસઆઈના નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં એક વકીલ તરફથી કહેવામાં આવ્યું હતું કે, આ વક્ફ બોર્ડની સંપત્તિ છે અને અહીં ઘણા સમયથી નમાજ પઢવામાં આવી રહી છે. તેમ છતાં ૧૫ મે ના રોજ અચાનક ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એટલે કે એએસઆઈએ ત્યાં નમાજ પઢવા પર રોક લગાવી દીધી હતી. જોકે, આ અરજી પર તે સમયે પણ હાઈકોર્ટે તાત્કાલિક સુનાવણી કરવા માટે સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. દિલ્હી હાઈકોર્ટે કહ્યું હતું કે, અમે આજે સુનાવણી માટે અરજીને લિસ્ટ નહીં કરી શકીએ. જો તમે ગરમીની રજા દરમિયાન સુનાવણી ઈચ્છો છો તો રજિસ્ટાર સામે પોતાની વાત મૂકો. ત્યારબાદ અવકાશ પીઠ પાસે આ અરજી પહોંચી હતી પરંતુ કોર્ટે તેના પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે.

છેલ્લા દિવસોમાં કુતુબ મીનાર પરિસરમાં હિન્દુ અને જૈન દેવતાઓની મૂર્તિઓની

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં કોરોનાના કેસ પુનઃ વધ્યા

**કોરોનાના વધતા સંક્રમણ માટે ઓમિક્રોનના સબ વિરિયન્ટ જવાબદાર : દેશના અનેક રાજ્યોમાં બીએ.૪ અને બીએ.૫ના કેસ નોંધાયા, તમિલનાડુમાં ૧૨ સેમ્પલમાં બે વેરિએન્ટસની પુષ્ટિ : કોરોનાના ૪,૫૧૮ નવા કેસ નોંધાયા**

નવી દિલ્હી, તા.૬

દેશમાં કોરોનાના કેસ ફરી એક વખત વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪,૫૧૮ નવા કેસ નોંધાયા છે. આ સંખ્યા શનિવારની તુલનામાં ૫.૮% વધારે છે. કોરોનાના કેસોમાં તેજી આવવાના કારણે એક્ટિવ કેસોની સંખ્યા પણ ૨૫ હજારને પાર પહોંચી ગઈ છે. એક્ટિવ કેસોની સંખ્યામાં ૨૪ કલાકમાં ૧,૭૧૪નો વધારો થયો છે.

કોરોનાના વધતા કેસોએ ચિંતા વધારી દીધી છે, કારણ કે, એક્સપર્ટસે જૂનમાં ચોથી લહેર આવવાની ચેતવણી આપી હતી. કોરોનાના વધતા સંક્રમણની પાછળ ઓમિક્રોન (ઓમિક્રોન)ના સબ વેરિએન્ટસ બીએ.૪ અને બીએ.૫ને જવાબદાર માનવામાં આવી રહ્યા છે.

દેશના અનેક રાજ્યોમાં બીએ.૪ અને બીએ.૫ના કેસ નોંધાયા છે. તમિલનાડુમાં ૧૨ સેમ્પલમાં આ બે વેરિએન્ટસની પુષ્ટિ થઈ છે. તમિલનાડુના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ૪ લોકોમાં બીએ.૪ અને ૮ લોકોમાં બીએ.૫ની પુષ્ટિ થઈ છે. બધાને આઈસોલેટ કરી દેવામાં આવ્યા છે. આ અગાઉ છેલ્લા અઠવાડિયે મહારાષ્ટ્રમાં પણ ૪ દર્દીઓમાં બીએ.૪ અને બીએ.૫ની પુષ્ટિ થઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

# એન્ફોર્સમેન્ટ ડિકેક્ટોરેટે સત્યેન્દ્ર જૈનના રહેઠાણ પર દરોડા પાડ્યા

**દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલી વધી : મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૩૦ મેના રોજ જૈનની ધરપકડ કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા.૬

દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલી વધી રહી છે. સોમવરે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ તેમના ઠેકાણા(રહેઠાણ) પર દરોડા પાડ્યા છે. ઈડીએ કોલકાતા સ્થિત કંપની સાથે સંકળાયેલા હવાલા વ્યવહારોના કેસમાં આ કાર્યવાહી કરી હતી. હાલમાં સત્યેન્દ્ર જૈન ૯ જૂન સુધી ઈડીની કસ્ટડીમાં છે. મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૩૦ મેના રોજ જૈનની ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હી હાઈકોર્ટે રવિવારે મંત્રી સત્યેન્દ્ર જૈનની પૂછપરછ દરમિયાન વકીલની હાજરીની મંજૂરી આપતા ટ્રાયલ કોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી.

તમને જણાવી દઈએ કે, ઈડીએ આરોપ લગાવ્યો છે કે, જૈનના નજીકના લોકો કેટલીક કંપનીઓ સાથે સંબંધ ધરાવે છે જેની મની લોન્ડરિંગ એક્ટ હેઠળ તપાસ કરવામાં આવી રહી છે. ૨૪મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ નોંધાયેલા કેસમાં આરોપ છે કે સત્યેન્દ્ર જૈને જાહેર સેવક હોવા છતાં હવાલા દ્વારા ૪.૮૧ કરોડ રૂપિયા મેળવ્યા હતા.

ઈડીની આ કાર્યવાહી એવા સમયે કરી છે જ્યારે દિલ્હીના મંત્રીની ધરપકડને લઈને ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે રાજકીય વિવાદ ચાલી રહ્યો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગયા અઠવાડિયે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આપના તમામ નેતાઓની ધરપકડ કરવા જણાવ્યું હતું. તેમણે દિલ્હીના નાયબમુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ થવાની સંભાવના વ્યક્ત કરી હતી.

# બોલિવૂડ અભિનેતા સલમાન અને પિતાને હત્યાની ધમકી

**સલમાન-તેના પિતાને ધમકી મળતાં પોલીસ દોડતી થઈ : સલીમ ખાનના સુરક્ષા કર્મીઓને ત્યાંની બેન્ચ પર પત્ર મળ્યો હતો, સલીમ ખાન રોજ મોર્નિંગ વોક માટે જાય છે**



મુંબઈ, તા.૬

બોલીવુડ અભિનેતા સલમાન ખાન અને તેના પિતાને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. એવો ધમકી ભર્યો પત્ર મોકલવામાં આવ્યો છે કે ત્યારબાદ મુંબઈ પોલીસ એક્શનમાં આવી છે. બ્રાન્દ્રા પોલીસે આ મામલે અજાણ્યા લોકોની વિરૂદ્ધ એફઆઈઆર નોંધીને તપાસ શરૂ કરી છે. આજે મુંબઈ પોલીસની એક ટીમ સલમાન ખાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટમાં પહોંચી છે.' સલમાનના ઘરે જ્વાઈન્ટ કમિશનર વિશ્વાસ નાગ્રે પાટીલ અને ડીસીપી મંજુનાથ શેંગે પહોંચ્યા હતા. જોકે પૂછપરછ બાદ તેઓ સલમાનના ઘરેથી નિકળી ગયા હતા. મુંબઈ પોલીસે માહિતી આપતા કહ્યું હતું કે, સલમાન ખાનના પિતા સલીમ ખાનના સુરક્ષા કર્મચારીઓને ત્યાંની બેન્ચ પર આ પત્ર મળ્યો હતો. સલીમ ખાન એ જ રૂટ પર દરરોજ પોતાના સુરક્ષા કર્મચારીઓ સાથે મોર્નિંગ વોક માટે જાય છે. જોકે તેઓ આ જગ્યાએ આરામ કરવા માટે ભાગ્યે જ રોકાય છે પરંતુ બેન્ચ પર આ પત્ર મળતા ભારે હલચલ મચી ગઈ છે.

# ગાંધીજીના ફોટો હટાવવાની વાત પાયાવિહોણી છે : RBI

**ચલણી નોટો પરથી ગાંધીજીના ફોટો બદલવા અંગે સ્પષ્ટતા : આ પ્રકારની યોજના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બનાવી નથી, હાલ તેના પર કોઈ વિચારણા પણ નથી થઈ રહી**

નવી દિલ્હી, તા.૬

સોશિયલ મીડિયા અને અન્ય અહેવાલોમાં ચલણી નોટો પર ગાંધીજીનો ફોટો બદલવાની વાત તદ્દન પાયાવિહોણી છે તેમ આરબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સોમવારે સ્પષ્ટતા કહ્યું કે અમારી આ પ્રકારની કોઈ યોજના નથી. ભારતીય સેન્ટ્રલ બેંકે એક નિવેદનમાં કહ્યું કે મીડિયાના વિવિધ માધ્યમોમાં ફરતા ભારતીય કરન્સી પર મહાત્મા ગાંધીના ફોટો બદલવાના અહેવાલો પાયાવિહોણા છે, અમે તેને ફગાવીએ છીએ. આ પ્રકારની કોઈ યોજના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા બનાવી નથી, ના હાલ વિચારાધીન છે, તેમ આરબીઆઈએ ઉમેર્યુ હતુ.


અત્રે ઉલ્લેખનીય છે કે નાણા મંત્રાલય અને આરબીઆઈ અન્ય અગ્રણી ભારતીયોના ચહેરાનો ઉપયોગ કરવાનું વિચારી રહી હતી. અહેવાલો અનુસાર ગાંધીજીને સ્થાને હવે નવી નોટોમાં રવિન્દ્રનાથ ટાગોર અને એપીજે અબ્દુલ કલામ સહિતના મહાનુભાવોનો ફોટો છાપવામાં આવશે.

# અમૃત મહોત્સવ આઝાદીના નાયકોના સપનાં પૂરા કરવાનો અવસર : મોદી

**વડાપ્રધાને આઈકોનિક વીક સમારોહનુ ઉદ્ઘાટન કર્યુ : મોદીએ ક્રેડિટ લિંક્ડ સરકારી યોજનાઓ માટે જન સમર્થ પોર્ટલ શરૂ કર્યુ, યોજનાઓને એક મંચ પર ઉપલબ્ધ કરાવશે**

નવી દિલ્હી, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે નાણા અને કોર્પોરેટ કાર્ય મંત્રાલયના 'આઈકોનિક વીક સમારોહ'નુ ઉદ્ઘાટન કર્યુ. આ



અવસરે તેમણે ૧,૨,૫,૧૦ અને ૨૦ રૂપિયાના સિક્કાની નવી સિરીઝ પણ જારી કરી. આ સિક્કા આઝાદીના અમૃત મહોત્સવને સમર્પિત કરવામાં આવ્યા છે. વડાપ્રધાને આ અવસરે કહ્યુ કે આ સિક્કા સતત લોકોને અમૃત કાળના લક્ષ્યોની યાદ અપાવશે અને તેમને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવા માટે પ્રેરિત કરશે.

વડાપ્રધાને આ કાર્યક્રમમાં હાજર નાણા અને કોર્પોરેટ કાર્ય મંત્રાલયના અધિકારીઓ, કર્મચારીઓને કહ્યુ, આપ સૌ આ વારસાનો ભાગ છો. દેશના સામાન્ય જન ના જીવનને સરળ બનાવવુ હોય, કે દેશની અર્થવ્યવસ્થાને સશક્ત કરવાની હોય, છેલ્લા ૭૫ વર્ષોમાં અનેક સાથીઓએ આમાં ખૂબ યોગદાન આપ્યુ છે. વીતેલા વર્ષોમાં નાણા મંત્રાલય અને કોર્પોરેટ મંત્રાલયે પોતાના કાર્યો દ્વારા, યોગ્ય સમયે સાચા નિર્ણયો દ્વારા પોતાનો એક વારસો બનાવ્યો છે. એક શ્રેષ્ઠ સફર નક્કી કરી છે.

નાણા અને કોર્પોરેટ કાર્ય મંત્રાલય ૬થી ૧૧ જૂન સુધી આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ આઈકોનિક સમારોહ આયોજિત કરશે. આ દરમિયાન કોર્પોરેટ કાર્ય મંત્રાલય અને નાણા મંત્રાલયનો પ્રત્યેક વિભાગ પોતાના સમૃદ્ધ ઈતિહાસ અને વારસાની સાથે-સાથે આવનારા પડકારનો સામનો કરવા માટે તત્પરતાનુ પ્રદર્શન કરશે. આ અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ક્રેડિટ લિંક્ડ સરકારી યોજનાઓ માટે જન સમર્થ પોર્ટલ શરૂ કર્યુ. આ પોર્ટલ અલગ-અલગ યોજનાઓને એક જ મંચ પર ઉપલબ્ધ કરાવશે.

સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર. • સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર, ગાંધીનગર.

ચાલો... સહાયરૂપ બનીએ...

આપના કુટુંબ, ગામ કે આપની ધ્યાનમાં કોઇ મૂક-બધિર બાળકો હોય, તો તેમને સી.કે.જી.થી લઇ ધો-૧૦ સુધી ભણવા માટે તદ્દન નિઃશુલ્ક શિક્ષણ, ભોજન તથા નિવાસ, ગાંધીનગર પાટનગર ખાતે સમર્પણ મૂક-બધિર સ્કુલમાં આપવામાં આવે છે. જેથી મૂક-બધિર બાળક અભ્યાસ કરી તેના જીવનમાં પોતે પગભર થઇ શકે.

સંપર્ક : વૈભવ કે. જાની

મો. નં. : ૯૮૨૪૫૯૯૪૯૦, ફોન : ૦૭૯-૨૩૨૧૧૩૩૨

બ્લોક નં. ૪૫, ઘ-ટાઇપ, આરાધના સ્કુલની પાસે, પ્રાથમિક શાળા નં. ૨ની સામે, સેક્ટર-૨૮, ગાંધીનગર.

આ મેસેજ વધુમાં વધુ લોકો જોડે પહોંચે એ એક પ્રકારની સેવા જ છે. જેના થકી કોઇ મૂક-બધિર બાળકનું જીવન ઉજ્જવળ થશે.

વાવોલમાં શ્રેષ્ઠ શિક્ષણ આપતી એકમાત્ર સ્કૂલ

દેવ

પ્રવેશ શરૂ

ઈન્ટરનેશનલ સ્કુલ, વાવોલ

ગુજરાત સરકારના ધારાધોરણ કરતાં પણ ઓછી ફી

K.G.
Std-1 to 5
Eng. Med

દરેક વર્ગમાં મર્યાદિત સંખ્યા

કે.જી. ધો.૧ થી ૧૦ ગુજરાતી માધ્યમ

ધોરણ ૧૧-૧૨ આર્ટસ/કોમર્સ

મો. ૯૯૦૯૭ ૮૨૩૮૩

'ક' રોડ, વાવોલ